પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૯ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર; મહા વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# સૌથી નાના SSLV રોકેટનું સફળ પ્રક્ષેપણ

## સ્મોલ સેટેલાઇટ લોંચ વ્હીકલમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ EOS-૦૭ મોકલવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી,તા.૧૦

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ સવારે ૯.૧૮ વાગ્યે તેનું સૌથી નાનું રોકેટ SSLV સફળતાપૂર્વક લોન્ચ કર્યું. તેનું નામ સ્મોલ સેટેલાઈટ લોંચ વ્હીકલ છે. આમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ ઈઓએસ-૦૭ મોકલવામાં આવી રહ્યો છે. તે ૧૫૬.૩ કિગ્રા છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ શુક્રવારે તેનું નવું અને સૌથી નાનું રોકેટ SSLV-D2 (સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ) અવકાશમાં લોન્ચ કર્યું છે. આ પ્રક્ષેપણ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી કરવામાં આવ્યું હતું. SSLV-D2 એ અમેરિકન કંપની એન્ટારિસના જાનુસ-૧, ચેન્નાઈ સ્થિત સ્પેસ સ્ટાર્ટઅપ Spacekidz™k AzaadiSAT-2 અને ISROના ઉપગ્રહ EOS-07 સહિત ત્રણ ઉપગ્રહો લઈને અવકાશમાં ઉડાન ભરી હતી. આ ત્રણ ઉપગ્રહોને ૪૫૦ કિલોમીટર દૂર ગોળાકાર ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં



આવશે. ISRO અનુસાર, SSLV નો ઉપયોગ ૫૦૦ કિગ્રા સુધીના ઉપગ્રહોને નીચલા ભ્રમણકક્ષામાં લોન્ચ કરવા માટે થાય છે. તે માંગ પર રોકેટના આધારે સસ્તી કિંમતે ઉપગ્રહ પ્રક્ષેપણની સુવિધા પૂરી પાડે છે. ૩૪ મીટર ઊંચા જીજીન્ફ રોકેટનો વ્યાસ ૨ મીટર છે. આ રોકેટ કુલ ૧૨૦ ટન ભાર સાથે ઉડી શકે છે. ગયા વર્ષે ઓગસ્ટમાં આ રોકેટની પ્રથમ ઉડાન નિષ્ફળ ગઈ હતી. ગયા વર્ષે, SSLVની પ્રથમ ઉડાન દરમિયાન, રોકેટના બીજા તબક્કાના વિભાજન દરમિયાન અનુભવાયેલા કંપનોને કારણે પ્રક્ષેપણ સફળ થઈ શક્યું ન હતું. ઉપરાંત, રોકેટનું સોફ્ટવેર ઉપગ્રહોને ખોટી ભ્રમણકક્ષામાં લોન્ચ કરી રહ્યું હતું, જેના કારણે ઈસરોએ SSLVનું પ્રક્ષેપણ રદ કર્યું હતું. SSLV-2 નું કુલ વજન ૧૭૫.૨ kg છે, જેમાં Eos ઉપગ્રહનું વજન ૧૫૬.૩ kg, Janus-1 નું વજન ૧૦.૨ kg અને AzaadiSat-2 નું વજન ૮.૭ kg છે. ઈસરોના જણાવ્યા અનુસાર SSLV રોકેટની કિંમત લગભગ ૫૬ કરોડ રૂપિયા છે.

## બીબીસીની ડોક્યુમેન્ટરી પર પ્રતિબંધ મૂકવા સુપ્રીમનો ઈનકાર

### કેન્દ્ર સરકારે ભ્રામક ગણાવતા પ્રતિબંધ મુક્યો હતો

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમકોર્ટે બીબીસી પર પ્રતિબંધ મૂકવા સંબંધિત હિન્દુ સેના અધ્યક્ષની અરજી ફગાવી દીધી છે. તેમણે સુપ્રીમકોર્ટમાં અરજી દાખલ કરી વડાપ્રધાન મોદીની ગુજરાત રમખાણોમાં કથિત ભૂમિકા પર આધારિત ડૉક્યુમેન્ટ્રી પ્રસારિત કરવા માટે બીબીસી અને બીબીસી ઈન્ડિયા પર પ્રતિબંધ મૂકી દેવાની માગ કરી હતી. ખરેખર બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી)એ ૨૦૦૨ના રમખાણોમાં પીએમ મોદીની ભૂમિકા અંગે એક ડૉક્યુમેન્ટ્રી પ્રસારિત કરી હતી. જેને કેન્દ્ર સરકારે ભ્રામક ગણાવતા તેના પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ પ્રતિબંધ વિરુદ્ધ સુપ્રીમકોર્ટમાં અરજી પણ દાખલ કરાઈ છે. તેના પર હિન્દુ સેનાના અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તા અને બીરેન્દ્ર કુમાર સિંહે ભારતમાં બીબીસીના સંચાલન પર જ પ્રતિબંધ મૂકી દેવાની માગ કરતા સુપ્રીમકોર્ટમાં અરજી દાખલ કરી હતી. એડવોકેટ બરુણ કુમાર સિન્હાના માધ્યમથી દાખલ કરાયેલી આ અરજીમાં માગ કરાઈ હતી કે કોર્ટ એનઆઈએને નિર્દેશ

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં છેલ્લા છ વર્ષનો વિકાસ સમગ્ર દેશ માટે આશાનું કેન્દ્ર

### યુપી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં વડાપ્રધાનનું સંબોધન : વીજળીથી લઈને કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીના દરેક ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યો હોવાનો મોદીનો દાવો

નવી દિલ્હી, તા.૧૦

પીએમ મોદીએ યુપી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં સામેલ મહેમાનોનું સ્વાગત કરતાં કહ્યું કે, યુપી પ્રત્યે મારો વિશેષ પ્રેમ છે. હું જવાબદારીને નિભાવવા માટે આ સમિટનો હિસ્સો બન્યો છું. યુપીની ધરતી તેના સાંસ્કૃતિક વૈભવ માટે વખણાય છે.

યુપીની ઓળખ અહીંની કાયદો વ્યવસ્થા છે. આજે યુપીની ઓળખ બહેતર કાયદો વ્યવસ્થા, શાંતિ અને સ્થિરતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ભાષણની શરૂઆત કરતા તમામ મુલાકાતીઓનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે હું મુખ્ય અતિથિ છું પરંતુ હું યુપીનો સાંસદ પણ છું, તેથી હું તમારા બધાનું સ્વાગત કરું છું. રાજ્યમાં થયેલા ફેરફારોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ૨૦૧૭માં રાજ્યમાં સત્તા પરિવર્તન થયા બાદ જ વીજળીથી લઈને કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીના દરેક ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યો છે. આ ફેરફાર માત્ર છ વર્ષમાં થયો છે. યુપી હવે આખા દેશ માટે આશાનું કેન્દ્ર બની ગયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## તુર્કીમાં હજૂ આવશે વિનાશકારી ભૂકંપ : હજારોના જીવ જશે

અંકારા, તા.૧૦

તુર્કી અને સીરિયામાં આવેલા વિનાશકારી ભૂકંપથી પ્રભાવિત વિસ્તારમાં ધ્વસ્ત થયેલા ઘર અને કાટમાળમાંથી લાશ બહાર કાઢ્યા બાદ મૃતકોની સંખ્યા વધીને ૧૯,૦૦૦થી વધારે થઈ ગઈ છે. મોટી તબાહી બાદ દેશમાં વધું એક શક્તિશાળી ભૂકંપની ભવિષ્યવાણી આવી ચુકી છે. રશિયન ઈંછ ન્યૂઝના એક રિપોર્ટ અનુસાર, ભૂકંપવિજ્ઞાની ડોગન પેરિનસેકે ચેતવણી આપી છે કે, ટૂંક સમયમાં પશ્ચિમી તુર્કીમાં વધુ એક ૭ની તીવ્રતાનો ભૂકંપ આવી શકે છે. આરઆઈએ ન્યૂઝ સાથે વાત કરતા નિષ્ણાંતે કહ્યું કે, કૈનક્કલના પોર્ટ શહેરની નજીકના વિસ્તારમાં લગભગ દર ૨૫૦ વર્ષોમાં મોટા ભૂકંપ આવે છે. પેરિન્સેક અનુસાર, છેલ્લા ૨૮૭ વર્ષ પહેલા આવ્યો હતો, જેનો અર્થ છે કે, સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે, તે છેલ્લા દશ દિવસમાં માર્મારા સાગરની દિશામાં કનક્કલે વધેલી ભૂકંપની ગતિવિધિઓનો રેકોર્ડ રાખી રહ્યા છે. તેમની ચેતવણી સોમવારે દક્ષિણ-પૂર્વ તુર્કી અને ઉત્તરી સીરિયામાં આવેલા વિનાશકારી ભૂકંપની સીરીઝ બાદ આવ્યો છે. તુર્કી અને સીરિયામાં બચાવ ટીમ ભૂકંપના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૧૨૪ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૧૦

વૈશ્વિક સ્તરે મિશ્ર સંકેતોને કારણે ભારતીય સ્થાનિક શેરબજારમાં શુક્રવારે નબળાઈ જોવા મળી હતી. સેન્સેક્સ ૧૨૩ પોઈન્ટ ઘટીને બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૭,૮૫૦ પર સ્થિર થયો હતો. ગઈકાલની જેમ આજે પણ અદાણી ગ્રુપના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. પેટીએમના શેર ૯ ટકા તૂટ્યા છે. રિલાયન્સ, એચસીએલ, ટાટા સ્ટીલના શેરમાં ઘટાડો થયો હતો. તે જ સમયે, બેંકિંગ ક્ષેત્રના શેરમાં તેજી નોંધવામાં આવી હતી. અસ્થિર વેપારને કારણે શુક્રવારે

● અનુસંધાન પાન-૭ પર

### રાજસ્થાન વિધાનસભાની હાસ્યાસ્પદ ઘટના

## મુખ્યપ્રધાન ગેહલોતે ભૂલથી જૂનું બજેટ વાંચવાનું શરૂ કર્યું

### બેથી ત્રણ ફકરાં વાંચી ચુકતાં દોડી આવીને પીએચડી મંત્રી મહેશ જોશીએ સીએમના કાનમાં જઈને બજેટ રોકવા કહ્યું : વિપક્ષને તક મળતાં જોરદાર હોબાળો

જયપુર, તા.૧૦

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે શુક્રવારે વર્તમાન કાર્યકાળનું છેલ્લું બજેટ વિધાનસભામાં રજૂ કર્યું હતું. જોકે બજેટની શરૂઆતમાં જ તેમણે એક મોટી ભૂલ કરી હતી. મુખ્યમંત્રી અશોક ગેહલોતે જૂનું બજેટ ભાષણ વાંચવાનું શરૂ કરી દીધું હતું. પીએચડી મંત્રી મહેશ જોશીએ સીએમના કાનમાં જઈને બજેટ રોકવા કહી દીધું. આ દરમિયાન વિપક્ષને તક મળી જતાં જોરદાર હોબાળો મચી ગયો હતો.

હોબાળાને લીધે ગૃહની કાર્યવાહી લગભગ અડધો કલાક ઠપ થઈ ગઈ હતી. વિપક્ષે આરોપ મૂક્યો કે મુખ્યમંત્રી જૂનું ભાષણ વાંચી રહ્યા છે તે કેવી રીતે ખબર પડી, તેનો અર્થ તો એ છે કે આ બજેટ લીક થઈ ગયું છે. માહિતી અનુસાર બજેટ અને રાહત આપતા બજેટની જાહેરાત કરીને વિધાનસભામાં આવેલા મુખ્યમંત્રીએ ભાષણ વાંચવાનું શરૂ કર્યું હતું. તેઓ બેથી ૩ ફકરાં વાંચી ચૂક્યા હતા. ત્યારે તેમની પાછળ બેઠેલા મંત્રી મહેશ જોશી તાત્કાલિક દોડી આવ્યા અને તેમણે કાનમાં કહ્યું કે ભાષણ અટકાવી દો. ગેહલોત પૂછે છે કે કેમ? તો મંત્રીએ કહ્યું કે તમે જે વાંચી રહ્યા છો તે જૂનું બજેટ છે. સીએમએ તાત્કાલિક તારીખ જોઈ તો તે પણ ચોંકી ગયા. જોકે પછી તે હસવા લાગ્યા હતા.











## રાજેશ બિંદલ અને અરવિંદ કુમારને સુપ્રીમ કોર્ટના જજ તરીકે મંજૂરી

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્ર સરકારે જસ્ટિસ રાજેશ બિંદલ અને જસ્ટિસ અરવિંદ કુમારને સુપ્રીમ કોર્ટના જજ તરીકે મંજૂરી આપી છે.

કેન્દ્રીય કાયદામંત્રી કિરેન રિજિજુએ આ અંગે માહિતી આપી કહ્યું કે, ભારતના બંધારણ હેઠળની જોગવાઈઓ અનુસાર, ભારતના રાષ્ટ્રપતિએ હાઈકોર્ટના બે મુખ્ય ન્યાયાધીશોને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો તરીકે નિયુક્ત કરી છે. હું તેમને શુભેચ્છા પાઠવું છું. બે મુખ્ય ન્યાયાધીશોને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી કરવામાં આવ્યા છે. તેમાં અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રાજેશ બિંદલ અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરવિંદ કુમારનું નામ છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં કુલ જજોની સંખ્યા ૩૪ છે.

## ભાવ વંદના



**પૂજ્ય સુરેશભાઈ પ્રા. ભટ્ટ**

મહાપ્રયાણ : ૯-૨-૨૦૨૩

ગાંધીનગર સમાચારના પ્રથમ અને વાચકપ્રિય કોલમિસ્ટ
**પૂજ્ય સુરેશભાઈ પ્રા. ભટ્ટ 'બાપુજી'**ના
નિધનથી અમે ભારે વેદના અનુભવીએ છીએ.

અમારી સમાચારયાત્રામાં આપની
નિયમિતતા, નિષ્પક્ષતા, નિર્ભિક્તા અને
નિષ્ઠા સતત અજવાસ પાથરતા રહેશે.

સવારની સલામ આપનાર
પૂજ્ય '**બાપુજી**'ને આખરી સલામ...

ચિરશાંતિ માટે પરમને પ્રાર્થના...

**કૃષ્ણકાન્ત જહા**
અને
**ગાંધીનગર સમાચાર પરિવાર**